For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# આંખદારે આંખ મારી, ગિલિન્ડરે ગોટ મારી, કાગડી સપાટ, આજે દિવસે આકાશમાં પતંગની રંગોળી રાત્રે આતશબાજી

# કાઈપો.....છે.......

## પતંગ,દોરી અને એસેસરીઝ ખરીદવા મોડી રાતે ડબગરવાડ,રાંદેર, કોટ સફીલરોડના પતંગ બજારોમાં કીડિયારું

### 10 થી 20% મોંઘા થવા છતાં મોડી રાતે હરાજીના સસ્તા પતંગ ખરીદવા પડાપડી

સુરતઃ સુરતમાં ઉતરાયણ ભારે ઉત્સાહ,ઉમંગ અને જોશ સાથે સુરતીઓ ઉજવશે. બુધવારે સવારથી સુરતની અગાસી, ધાબાઓ આજે એ કાયપો છે, એ લપેટ, લેતો જા, નારાઓથી ગુંજી ઊઠશે.

2026 ની ઉતરાયણ માટે સુરતીઓએ આગોતરી તૈયારીઓ કરી રાખી છે.ગત શનિવારે અને રવિવારે શહેરના ડબગરવાડ, રાંદેર, કોટસફીલ રોડ, ...અનુસંધાન પાના 5 પર



## ટ્રિગર દબાવતા જ પતંગ હવામાં ઊંચે ચઢી જાય છે

સુરતઃ ઉતરાયણને લઈને સુરતના બજારોમાં આ વર્ષે અનેક નવીન અને આકર્ષક પતંગો આવી છે, જે ખાસ કરીને નાના બાળકોમાં ભારે લોકપ્રિય બની છે. સુરતના પતંગ બજારોમાં ગનશોટ પતંગ અને ...અનુસંધાન પાના 5 પર

## આજે મકરસંક્રાંતિઃ તલનું દાન પાપનાશક, અક્ષય પૂણ્ય આપનારું


### સવારે સ્નાન બાદ સૂર્યને અર્ધ્ય અર્પણ કર્યા બાદ સંકલ્પ સાથે દાન કરવાનો મહિમા

**વિક્રમ સંવત ૨૦૮૨ પોષ વદ અગિયારસ**

- બપોરે ૩.૦૮ કલાકે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરશે
- આ સમયથી સૂર્યાસ્ત સુધીનો સમય દાન માટે ઉત્તમ
- સવારે ૯.૦૮થી ૧૦.૦૩માં પણ દાન કરી શકાય
- બપોરે ૧૨.૪૮થી ૨.૧૦ કલાક સુધી દાન પૂણ્ય કે ક્રિયાશીલ પ્રવૃત્તિ કરવી નહીં.

**મકરસંક્રાંતિએ શું દાન કરવું?**

- કાળા તલ - તિલ દાનથી પાપનાશ માનવામાં આવે છે
- અન્નદાન - ચોખા, ઘઉં, ખીચડી
- વસ્ત્ર દાન - ખાસ કરીને ગરમ કપડા
- દૂધ, ઘી, ખાંડ, ગોળ,તેલ અને દીવો,ગૌદાન
- પાત્ર દાન - બ્રાહ્મણ, સાધુ, ગરીબોને દક્ષિણા



(તસવીરઃ હેમંત ડેરે)

## 125ના બદલે રાંદેરમાં હવે 5 ઘરમાં જ પતંગ બને છે

સુરતના રાંદેરમાં બે સદીથી ઘરોમાં પતંગ બને છે. 'રાંદેરી પતંગ' તરીકે ઓળખાતા આ પતંગો બનાવવાની કળા હવે લુપ્ત થઈ રહી છે. એક ...અનુસંધાન પાના 5 પર



## રાત્રે રિમોટથી ચગતા લાઇટવાળા પતંગનો ટ્રેન્ડ શરુ થયો

સુરત શહેરના 'ફ્લાય-365' નામનું યુવાઓના ગ્રુપે દોરી વગર રિમોટથી ચગી શકે તેવા લાઇટિંગવાળા પતંગ બનાવ્યા છે. જે ખૂબ જ સુંદર લાગે છે હવે તેનો ટ્રેન્ડ શરુ થયો છે.

## વરાછામાં ત્રણ માળ જેટલી ઊંચી 'ઓપરેશન સિંદૂર' પતંગ લહેરાશે

સુરતઃ સુરતના પ્રખ્યાત પતંગ નિર્માતા અજય રાણાએ આ વર્ષે દેશની સૌથી મોટી, 27 ફૂટ ઊંચી ભવ્ય પતંગ તૈયાર કરી છે. આ વિશાળ પતંગ ભારતીય સશસ્ત્ર દળોના બહાદુર જવાનોને સમર્પિત કરવામાં આવી છે અને તેની ખાસ થીમ રાખવામાં આવી છે, 'ઓપરેશન સિંદૂર'. આ પતંગ અંદાજે ત્રણ માળની ઇમારત જેટલી ઊંચી છે. પતંગ પર ઓપરેશન સિંદૂર દરમિયાન શૌર્ય દાખવનારા જવાનોની તસવીરો, ગર્વભર્યો તિરંગો અને દેશભક્તિના પ્રેરણાદાયક સંદેશાઓ સુંદર રીતે અંકિત કરવામાં આવ્યા છે. ...અનુસંધાન પાના 5 પર



## ઉત્તરાયણમાં ૨૫૦૦ પોલીસનું સુરક્ષાચક્ર

### ૩૬૩થી વધુ અધિકારીઓનું જમીનથી આકાશ સુધી ઓબ્ઝર્વેશન

### ૧૫૦ જેટલા ધાબા પોઈન્ટ્સ પરથી સીધું સુપરવિઝન રાખશે

**આ બંદોબસ્ત રહેશે**

| | |
|---|---|
| ૩૬૩ | ઉચ્ચ પોલીસ અધિકારીઓ |
| ૮૦૦ | TRB જવાનો |
| ૧૩૮૦ | હોમગાર્ડ |
| ૫ | કંપની SRP |
| ૭ | QRT |
| ૧૦ | DCBની ટીમ |
| ૧૦ | SOGની ટીમ |

સુરતઃઉત્તરાયણનો રંગીલો પર્વ સુરતમાં સુરક્ષિત, શાંતિપૂર્ણ અને આનંદમય રીતે ઉજવાય તે માટે શહેર પોલીસ એક્શન મોડમાં આવી છે. આજે અને કાલે બે દિવસ દરમિયાન સુરત પોલીસ દ્વારા આકાશથી જમીન સુધી કડક નજર રાખવામાં આવશે.ચાઈનીઝ દોરી, અકસ્માત, હુલ્લડ અને કાયદો-વ્યવસ્થાની કોઈપણ ઘટનાને રોકવા માટે પોલીસ કમિશનરના માર્ગદર્શન હેઠળ શહેરમાં અભેદ સુરક્ષા ચક્ર ગોઠવવામાં આવ્યું છે.

શહેરમાં ઉત્તરાયણ પર્વ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા માસ્ટર પ્લાન અમલમાં મૂકાયો છે. શહેરના તમામ સંવેદનશીલ વિસ્તારો, મુખ્ય માર્ગો, ફ્લાયઓવર, રહેણાંક વિસ્તારો અને અગાશીઓ પર સતત દેખરેખ રાખવામાં આવશે. PCR વાન, ૧૧૨ ઇમરજન્સી સેવા અને બાઈક પેટ્રોલિંગ દ્વારા કોઈપણ સ્થળે તાત્કાલિક મદદ પહોંચે તે સુનિશ્ચિત કરાયું છે. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને પોલીસ ૧૫૦ ...અનુસંધાન પાના 5 પર

## ઉત્તરાયણના બે દિવસ ફ્લાયઓવર બ્રિજ પર સેફ્ટી ગાર્ડ સિવાયનાં વાહનો માટે પ્રતિબંધ

સુરત : સુરત શહેરમાં 14 અને 15 જાન્યુઆરી 2026 ના રોજ ઉતરાયણ પર્વની ઉજવણી દરમિયાન શહેરમાં સલામતી અને શાંતિ જાળવવા માટે પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગહલૌતે વિશેષ જાહેરનામું બહાર પાડ્યું છે. જાહેરનામાના અનુસારમાં, પર્વના બંને દિવસોમાં શહેરના તમામ ફ્લાયઓવર બ્રિજ ઉપર ટુ-વ્હીલર વાહનોની અવરજવર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. પ્રતિબંધિત સમયગાળામાં ટુ-વ્હીલર વાહન ચાલકો નદી ઉપરના બ્રિજ સિવાયના તમામ ફ્લાયઓવર બ્રિજની નીચેના રસ્તેથી જ અવરજવર કરી શકશે. સેફ્ટી ગાર્ડ લગાવેલા વાહનો અને નદી ઉપરના બ્રિજ ઉપર જ નિકળતા ટુ-વ્હીલર ચાલકોને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ નિયમનો ભંગ કરનાર વ્યક્તિને કાયદેસરની કાર્યવાહીનો સામનો કરવો પડશે.

# મંદીની બૂમો વચ્ચે 2025માં સુરતમાં 2.20 લાખ વાહનો વેચાયાં

### 2025માં સુરતમાં 1,19,062 સ્કૂટર-મોટર સાઈકલ,38,889 મોપેડ,8872 મોટરાઈઝ સાઈકલ,33,791 કાર,4,535 ગુડ્ઝ કેરિયર વાહન,8804 ઓટો રિક્ષા,3056 થ્રી વ્હીલર ગુડ્ઝ વાહનો વેચાયાં

### સુરત RTOને 2,20,391 વાહનો વેચાણ,પસંદગીના નંબરોની વેચાણ,દંડ વસૂલાત અને વિવિધ ટ્રાન્સફર ફી પેટે 473.59 કરોડની આવક થઈ



સુરતઃ મોંઘવારી અને મંદીની બૂમો વચ્ચે વર્ષ 2025 માં સુરતમાં કુલ 2.20 લાખ વાહનો વેચાયા છે.

ગુજરાતમાં સૌથી વધુ ટુ વ્હીલર વાહનો સુરતમાં વેચાયા હોવાનો અગાઉના ત્રણ વર્ષનો વિક્રમ સતત ચોથા વર્ષે યથાવત રહ્યો છે.

વર્ષ 2025 માં સુરતમાં 1,19,062 સ્કૂટર -મોટર સાયકલ,38,889 મોપેડ,8872 મોટરાઈઝ સાયકલ,33,791 કાર,4,535 ગુડ્ઝ કેરિયર વાહન,8804 ઓટો રિક્ષા,3056 થ્રી વ્હીલર ગુડ્ઝ વાહનો વેચાયા હતા.

સુરત RTO ના સૂત્રોના જણાવ્યા મુજબ મંદીના વર્ષમાં આરટીઓને અપેક્ષા કરતા વધુ આવક થઈ છે.2,20,391 વાહનો વેચાણ રજિસ્ટ્રેશન,પસંદગીના નંબરોની વેચાણ,દંડ વસૂલાત,અને વિવિધ ટ્રાન્સફર ફી પેટે 473.59 કરોડની આવક થઈ છે.

**2025માં સુરતમાં ક્યાં વાહનો કેટલાં વેચાયાં**

| વાહનનો પ્રકાર | સુરત RTOમાં રજિસ્ટ્રેશન |
|---|---|
| સ્કૂટર -મોટર સાયકલ | 1,19,062 |
| મોપેડ | 38,889 |
| મોટરાઈઝ સાયકલ | 25CC |
| મોટર કાર | 33,791 |
| મોટરાઈઝ સાયકલ | 8872 |
| ગુડ્ઝ કેરિયર | 4,535 |
| ઓટો રિક્ષા | 8804 |
| થ્રી વ્હીલર ગુડ્ઝ | 3056 |
| એગ્રીકલ્ચર ટ્રેક્ટર | 553 |
| ટ્રેક્ટર કોમર્શિયલ | 349 |
| બસ | 250 |
| કન્સ્ટ્રક્શન વેહિકલ | 327 |

સુરતની વધતી વસતી વચ્ચે ગયા વર્ષની તુલના એ 3,500 થી વધુ કારનું વેચાણ થયું છે. 2025 માં સુરતમાં સેડાન,હેચ બેક અને લક્ઝુરિયસ મળી કુલ 33,791 કારનું વેચાણ થયું હતું.

**દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર દક્ષિણ ગુજરાતના**

# એના, મોટી નરોલી અને ગણદેવા ટોલનાકાના ટોલના દરો નક્કી થયા

### ગણદેવાથી વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ વે પર જવું હોય તો સિંગલ જર્નીના 480 રૂપિયા ચૂકવવાના રહેશે



સુરતઃ હાઈવે ઓથોરિટીએ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર કિમ, એના અને ગણદેવા સુધીનો રૂટ ચાલુ થઈ જતાં હવે આ રૂટ પરના સિંગલ અને રિટર્ન જર્નીના નવા ટોલના દરો જાહેર કર્યા છે. જેમાં ગણદેવાથી જો કોઈને વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ વે સુધી જવું હોય તો તેણે તે વાહનચાલકે સિંગલ જર્નીના રૂપિયા 480 ચૂકવવા પડશે. જ્યારે ગણદેવાથી જો કોઈને ...અનુસંધાન પાના 5 પર

**દિલ્હી- મુંબઈ એક્સપ્રેસ વે પરનો ટોલ કેટલો ?**

(કાર-વાન-જીપ સહિતના નાના વાહનોની સિંગલ જર્ની)

| | ગણદેવા | એના | મોટી નરોલી(કિમ) | NE-1 |
|---|---|---|---|---|
| ગણદેવા | - | રૂ.80 | રૂ. 175 | રૂ. 480 |
| એના | રૂ. 80 | - | રૂ. 95 | રૂ. 400 |
| મોટી નરોલી (કીમ) | રૂ. 175 | રૂ. 95 | - | રૂ. 305 |
| NE-1 | રૂ. 480 | રૂ. 400 | રૂ. 305 | - |

# પવનનો ધક્કો લાગતા લેન્ડિંગ પહેલા જ ફ્લાઈટ મુંબઈ ડાયવર્ટ

### ડુમસ તરફના રનવેથી ફ્લાઈટ લેન્ડ થાય એ પહેલા અચાનક ભારે પવનનો ધક્કો અનુભવાતા પાયલટે લેન્ડિંગ ટાળી એરક્રાફ્ટની ઊંચાઈ વધારી દીધી

### પેસેન્જરોના જીવ તાળવે ચોંટયા, વિમાન હવે મુંબઈ જઈ વેધર સુધર્યા પછી સુરત લાવવાની જાહેરાત પછી હાશકારો થયો

**'સુરતી સ્પિરીટ' વિડીયો વાયરલ, બે કલાક રાહ જોયા બાદ પેસેન્જરો એરપોર્ટ પર ગરબા રમ્યા, ભજન કર્યા**

ફ્લાઇટ 4 કલાક મોડી પડતા સુરતથી દુબઇ જવા માંગતા પેસેન્જર પ્રારંભમાં રોષે ભરાયા હતા. પણ બીજો કોઇ વિકલ્પ ન હોવાથી પેસેન્જરોએ સમય પસાર કરવા માટે ગરબા અને ભજનની રમઝટ બોલાવી સમય વિતાવ્યો હતો. આ વીડિયો સુરતી સ્પિરિટ તરીકે વાયરલ થયો હતો. એર ઇન્ડિયા એક્સપ્રેસની દુબઈની ફ્લાઈટ વિલંબિત થતા ટર્મિનલ ગરબી અને ભજનથી ગુંજી ઉઠ્યું હતું. બે કલાક ફ્લાઇટ માટે રાહ જોયા પછી કંટાળેલા મુસાફરોએ એકઠા થઈને એરપોર્ટ પર જ તાળીઓના તાલે ગરબા રમવાનું શરૂ કર્યું હતું. સોશિયલ મીડિયા પર આ અનોખા વિરોધનો વીડિયો વાઇરલ થયો હતો, જેમાં મુસાફરો ભજન અને ગરબા રમી પોતાનો સમય પસાર કર્યો હતો.

સુરતઃ એર ઇન્ડિયા એક્સપ્રેસની દિલ્હી - સુરત ફ્લાઇટ સુરત એરપોર્ટના રનવે પર ટચ ડાઉન કરે એ પહેલા જ પાયલટને પવનની ગતિ વધિ જવા સાથે વાઇબ્રેશનની અનુભૂતિ થતા, એરક્રાફ્ટને રનવેની ખૂબ નજીકથી ફરી ટેક ઓફ માટે ઊંચકી મુંબઈ ડાયવર્ટ કર્યું હતું.

સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટના સૂત્રોના જણાવ્યા મુજબ આ વિમાન આજે ડુમસ તરફના રનવેથી લેન્ડિંગ માટે તૈયાર હતું, ત્યારે અચાનક ભારે પવનનો ધક્કો અનુભવાતા દિલ્હીથી સુરત આવતી અને અહીંથી દુબઇ જતી આ ફ્લાઇટ મુંબઈ લઇ જવાઈ હતી. વેધરમાં સુધારો ત્વરિત થવાની ઓછી શક્યતાને પગલે પાયલટે એરક્રાફ્ટ મુંબઈ એરપોર્ટ ડાયવર્ટ કરી ફ્યુઅલ ભરાવવાની પ્રોસેસ પૂર્ણ કરી હતી.

પેસેન્જરોએ જણાવ્યું હતું કે, ફ્લાઇટ સુરત એરપોર્ટના રનવે પર ખૂબ નીચે આવી ગઈ હતી અને અચાનક એર ટર્બ્યુલન્સની સ્થિતિ સર્જાતા પાયલટે બેડ વેધરનું કારણ આપી ફ્લાઇટ મુંબઈ લઇ જવાઈ રહી હોવાની જાણ કરી હતી. ...અનુસંધાન પાના 5 પર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

अंतिम यात्रा



अत्यंत दुःख के साथ सूचित कर रहे है कि
श्री सिपिन गर्ग
का स्वर्गवास दि. 13-01-2026 को हो गया है।
दिवंगत की अंतिम यात्रा
दि. 14-01-2026 बुधवार को सुबह 11.00 बजे हमारे निवास स्थान से निकल कर उमरा मोक्षधाम सूरत जाएगी।
निवास स्थान : बी-204, श्याम लक्जरी अपार्टमेन्ट, सूडा भवन के पास, वेसू, सूरत.
:: शोकाकुल ::
बिपिन गर्ग (भाई) सुनीता (पत्नी)
साकेत (पुत्र)
प्रमिला- कमल विजय तुलस्यान (दीदी-जीजाजी)
GARGO CORPORATION

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



હે પ્રભુ....
એવી નજર ક્યાંથી લાવવી કે
તમને યાદ કરીએ ને દર્શન થઇ જાય.
હજુ જરૂર હતી એમની ત્યાં કુદરત લઇ ગયો તાણી.
હે કુદરત એ અમાનત અમારી છે, રાખજે તું એમની સંભાળ,
તારા માટે આત્મા હશે પણ જીંદગી અમારી હતી.
ધરા પર અર્પિત પુષ્પો અને અભિષેકના પવિત્ર
જળ સાથે અમે પિતાજીને હૃદયપૂર્વક વંદન કરીએ છીએ
સ્વ. પ્રદિપભાઈ કાંતિભાઈ પટેલ
સ્વ. તા. ૧૫/૦૧/૨૦૨૫ (ગોરાટ)
લિ. ગં.સ્વ. વૈશાલીબેન પ્રદિપભાઈ પટેલ (પત્ની)
ડો. અભિષેક પ્રદિપભાઈ પટેલ (પુત્ર)
ધરા પ્રદિપભાઈ પટેલ (પુત્રી)
તથા સમસ્ત ડાહ્યા-રામા પરિવાર...
સરનામું : A-39, પટેલનગર સોસાયટી, જહાંગીરપુરા, સરોલી જકાતનાકા, સુરત.

॥ ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ ॥



આજના દિવસે આપના ચિર વિદાયને ચાર વર્ષ પૂરા થયા છતાં આપ અમારી વચ્ચે છો એવી લાગણી સતત રહ્યા કરે છે. આપની યાદ અમોને કાયમ રહેશે. પ્રભુ આપના આત્માને ચિર શાંતિ પ્રદાન કરે એજ અભ્યર્થના.
સ્વ. નંદુબેન સામુભાઈ પટેલ
સ્વ.તા. ૧૫/૦૧/૨૦૨૨
લિ.
અમૃતભાઈ સામુભાઈ પટેલ
હરીશભાઈ સામુભાઈ પટેલ
અશોકભાઈ સામુભાઈ પટેલ
ચેતનભાઈ અમૃતભાઈ પટેલ (એડવોકેટ એન્ડ નોટરી)
સ્વ. ઈલેશભાઈ અમૃતભાઈ પટેલ
નિમેષભાઈ હરીશભાઈ પટેલ
જેનીશભાઈ અશોકભાઈ પટેલ
સ્વ. નીરૂબેન અમૃતભાઈ પટેલ
અ.સૌ. ઉષાબેન હરીશભાઈ પટેલ
અ.સૌ ભગવતીબેન અશોકભાઈ પટેલ
અ.સૌ. દિપીકાબેન ચેતનભાઈ પટેલ
વર્ષાબેન હેમંતભાઈ પટેલ (બમરોલી)
નિકુંજ હરીશભાઈ પટેલ
સૈફાલીબેન નિમેષભાઈ પટેલ
અંકીતાબેન જેનીશભાઈ પટેલ
વેદ, હેત્વી, આરવી, જેદાર્થ, પ્રિયાંશ

ૐ શાંતિ :: અશુભ :: ૐ શાંતિ
આહીર અવસાન



સ્વ. શ્રી ભીખુભાઈ દેવાભાઈ આહીર
સ્વ. તા. ૧૩-૦૧-૨૦૨૬ મંગળવાર
દિલગીરી સાથે જણાવવાનું કે અમારા ભાઈશ્રી / પિતાશ્રી સ્વ. શ્રી ભીખુભાઈ દેવાભાઈ આહીર નું તા.૧૩-૦૧-૨૦૨૬ ને મંગળવારના રોજ દુઃખદ આવસાન થયેલ છે તે જાણશોજી, એમની સ્મશાન યાત્રા તા.૧૫-૦૧-૨૦૨૬ ને ગુરૂવારના રોજ સવારે ૦૭:૩૦ કલાકે અમારા નીવાસ સ્થાનેથી નીકળશે, તેઓશ્રી નું બેસણુ તા.૧૭-૦૧-૨૦૨૬ ને શનિવારના રોજ સવારે ૯ થી ૨ કલાક દરમ્યાન રાખવામા આવેલ છે, તેઓશ્રી ની ઉત્તરક્રિયા (બારમું) તા.૨૪-૦૧-૨૦૨૬ ને શનિવારના રોજ સવારે ૧૦:૦૦ કલાક થી બપોરે ૦૧:૦૦ કલાક દરમ્યાન રાખવામાં આવેલ છે તે જાણશોજી
:: શોકાતુર ::
ઠાકોરભાઈ દેવાભાઈ આહીર (ભાઈ)
ભરતભાઈ ભીખુભાઈ આહીર (પુત્ર)
અજીતભાઈ ભીખુભાઈ આહીર (પુત્ર)
તથા પરિવાર
નોંધ :- કાણકોટ સદંતર બંધ છે
દેવા આશીષ બંગલો, દેવનગરી સોસાયટી કામરેજ
મુ.પો. કામરેજ , તા.કામરેજ જિ.સુરત